# આઈ.આઈ.ટી. જીએનમાં યોજાયો સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

## ગ્રાસરૂટનાં લોકો માટે ખાસ કાર્પેન્ટરી, ફિટિંગ, વાયરિંગ જેવાં પ્રોગ્રામ્સનું આયોજન





અમદાવાદ ૨૫ મે, ૨૦૧૬

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈ.આઈ.ટી.) ગાંધીનગર ખાતે કમ્યુનિટી આઉટ રિચ પ્રોગ્રામ 'નિવ' અંતર્ગત ગ્રાસરૂટ પર કામ કરનારા લોકો માટે ખાસ આંત્રપ્રિન્યોરશિપ ટ્રેનિંગની સાથે વોકેશનલ સ્કિલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો હતો. બે મહિનાના પ્રોગ્રામની શરૂઆત વોકેશનલ સ્કિલ ડેવલપમેન્ટથી કરવામાં આવી હતી. જેમાં પાર્ટિસિપન્ટ્સને કાર્પેન્ટરી, ફિટિંગ, વાયરિંગ, પ્લમ્બિંગ, વેલ્ડિંગ વગેરે શીખવવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં ૧૮ થી ૨૮ વર્ષની ઉંમરના ૨૭ પાર્ટિસિપન્ટ્સ જોડાયા હતા. આઈ.આઈ.ટી.ની આસપાસના ગામ અને વિસ્તારમાં રહેતા લોકોને ઈન્સ્ટિટ્યૂટના સ્ટાફ દ્વારા મિકેનિકલ એન્જિનિયરિંગ લેબ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ લેબમાં ટ્રેનિંગ આપવામાં આવી હતી. જ્યારે બીજા સેશનમાં પાર્ટિસિપન્ટ્સને બિઝનેસ સ્કિલ ટ્રેનિંગ આપવામાં આવી હતી. સાથે જ પ્રોગ્રામ દરમિયાન તેઓ વિવિધ ઈન્ડસ્ટ્રીઝની ફિલ્ડ વિઝિટ પણ કરશે. પ્રોગ્રામના કોર્ડિનેટર સોમ્યા હરીશે જણાવ્યું હતું કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે વધારે પ્રમાણમાં એમ્પ્લોયમેન્ટ ઊભા થાય અને પાર્ટિસિપન્ટ્સમાં આંત્રપ્રિન્યોરિયલ ઓપુર્ચ્યુનિટી માટે વધે. આથી જ અમે ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં મદદરૂપ થવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ.